# મેડીકો લિગલ રીપોર્ટ

# Medico Legal Report

- *S. K. Choudhary*



## તબીબી પુરાવો (મેડીકલ એવીડેન્સ)

### મેડીકો લિગલ બનાવો

મેડીકો લિગલ બનાવ બાબતે ઉદ્દભવેલા પ્રશ્નો – કાયદા મુજબ સાબિત કરવા કે સાબિત ન કરવા બાબતે આપવામાં આવતા પુરાવાને તબીબી પુરાવો કહેવામાં આવે છે.

### તબીબી પુરાવા બે પ્રકારના હોય છે.

(૧) દસ્તાવેજી પુરાવો ( ડોકયુમેન્ટરી )

(૨) મૌખિક કે પ્રતિજ્ઞા પ્રકારનો પુરાવો ( Oral અથવા Parole )

### દસ્તાવેજી પુરાવો ( ડોકયુમેન્ટરી )

કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા લેખિત કે પ્રિન્ટ સ્વરૂપના તમામ દસ્તાવેજોને દસ્તાવેજી પુરાવા કહેવામાં આવે છે.

જેમાં નીચે મુજબના દસ્તાવેજોનો સમાવેશ કરી શકાય.

**(૧) તબીબી પ્રમાણપત્રો ( મેડીકલ સર્ટીફિકેટસ )**

(બિમારી, મૃત્યુ(ડેથ), ગાંડપણ (ઈન્સેનીટી), ઉંમર (એજ), જાતિ(સેકસ), પેન્શન, ડીસએબીલીટી વિગેરેના સંદર્ભમાં રજીસ્ટર્ડ તબીબી ધ્વારા આપવામાં આવે છે)

**(૨) તબીબી અહેવાલો – મેડીકલ રીપોર્ટસ**

(ઈજાઓનો અહેવાલ ( ઈન્જરી રીપોટ ), શબ પરીક્ષણ અહેવાલ (પોસ્ટમોર્ટમ રીપોર્ટ) જાતિય ગુન્હાઓ વિશે અહેવાલ (સેકસ્યુઅલ ઓફેન્સ રીપોર્ટ), સગર્ભાવસ્થા (પ્રેગનન્સી), ગર્ભપાત (એબોરશન) અથવા પ્રસુતિ(ડીલીવરી) વગેરે બાબતે આપવામાં આવે છે.

**(૩) મરણોન્મુખ નિવેદન ( ડાઈંગ ડીકલેરેશેન )**

**(૪) અન્ય ( મીસેલેનીયસ ) :** ચોપડીઓમાંનો તજજ્ઞ અભિપ્રાય.

### મેડીકલ રિપોર્ટસને પુરાવા તરીકે દાખલ કરવા બાબત.

તબીબી અહેવાલ આપનાર તબીબ કોર્ટમાં સોંગદ લઈને આરોપી અથવા તેના વકીલની હાજરીમાં આપેલ તબીબી રીર્પોટ બાબતે ઉલટ તપાસ થયેથી આપેલા જુદા જુદા તબીબી પ્રમાણપત્રો કે અહેવાલો (મેડીકલ સર્ટીફીકેટસ અથવા રીપોર્ટસ) પુરાવા તરીકે કોર્ટમાં દાખલ કરવામાં આવે છે.

### મેડીકો લીગલ રીપોર્ટસ

પોલીસ ઓફિસર અથવા મેજીસ્ટ્રેટ દ્વારા લેખિત જરૂરી સંમતિ મળ્યેથી મેડીકલ ઓફિસર દ્વારા તૈયાર કરવામાં આવતા દસ્તાવેજો (ડોકયુમેન્ટસ) ને મેડીકો લીગલ રીપોર્ટસ કહેવામાં આવે છે.

**મેડિકો લીગલ રીપોટર્સ.**

– ઈજા ( ઈન્જરી ) નો રીપોર્ટ

– જાતિય ગુન્હાઓ ( સેકસ્યુઅલ ઓફેન્સ) વિષેનો રીપોર્ટ

– મૃત્યુ (ડેથ)

– પ્રેગનન્સી, ગર્ભપાત વિગેરેની ઘટનાનો દેખ્યો વિસ્તૃત જાણકારી આપતો અહેવાલ છે.

ઉપરોકત બનાવો સંદર્ભે મેડીકલ ઓફિસર, તબીબી અધિકારી દ્વારા અવલોકન કરવામાં આવતાં સત્યો અને સત્ય હકીકતોને આધારે આપવામાં આવતો અભિપ્રાય મેડીકો લિગલ રીપોર્ટ છે.

કોઈપણ કાયદાકીય તબીબી મુકદ્દમા (મેડીકો લીગલ કેસ) બાબતે આપવામાં આવતા દસ્તાવેજ–અહેવાલને કાયદાકીય તબીબી અહેવાલ (મેડીકો લીગલ રીપોર્ટ) કહેવામાં આવે છે. જે ડૉકટર દ્વારા આપવામાં આવે છે.

**મેડીકો લીગલ કેસ :–**

– ઈજાઓ,
– બળાત્કાર
– બળવાની ઈજાઓ તથા ઘટનાઓ
– ઝેર પીવાના બનાવો
– આત્મહત્યા કરવાનો પ્રયાસ તેમજ
– આત્મહત્યા કરવાના ઘટના
– લટકીને મૃત્યુ થવાની ઘટના – હેગીંગ
– અકસ્માત મૃત્યુના કિસ્સા
– દારૂ પીવાના કિસ્સા
– અજાણી લાશ મળી આવવાના કિસ્સા
– ડૂબી જવાના કિસ્સાઓ – ડ્રાઉનીંગ
– અન્ય રીતે ગુંગળામણથી મૃત્યુ નિપજાવવાની ઘટનાઓ વિગેરે

**ઈજાઓ બાબતે આપવામાં આવતો અહેવાલ :– (ઈન્જરી સર્ટીફિકેટ)**

- સરકારી હોસ્પિટલ, દવાખાના, વિગેરે દ્વારા ઈજાઓ બાબતે પ્રમાણપત્રો આપવામાં આવે છે.
- સરકારી તબીબ–મુખ્ય તબીબી અધિકારી (ચીફ મેડિકલ ઓફિસર) ઈજા બાબતનું સર્ટીફિકેટ આપે છે.
- ઈજાઓનો અહેવાલ તૈયાર કરવા બાબતે તપાસ અધિકારી એટલે કે પોલીસ અધિકારીની લેખિત સંમત્તિ જરૂરી છે.
- ભોગ બનનારની શરીર તપાસ દરમ્યાન થયેલી ઈજાઓને બારીકાઈથી તપાસવામાં આવે છે. તેમજ બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે છે.
- ભોગ બનનારને થયેલી ઈજાઓ તપાસવા માટે ભોગ બનનારની લેખિત સંમત્તિ તેમજ તારીખ નોંધવી જરૂરી છે જો ભોગ બનનાર આવી મંજુરી આપવા સક્ષમ ન હોય તો તેમના નજીકના સગાની સંમત્તિ મેળવવામાં આવે છે.
- થયેલી ઈજાઓને બારીકાઈથી અવલોકન કરી તબીબ તેની વિગતવાર નોંધ (અહેવાલ) તૈયાર કરે છે. જેમાં નીચે મુજબની વિગતો નોંધવામાં આવે છે.
  - ઈજાઓનો પ્રકાર, જેવા કે કપાયેલા ઘા, છુંદાયેલા ઘા, ભોંકાયેલા ઘા, ચકામા એન્ટ્રી વુંડ, એકઝીસ્ટ વુંડ વિગેરે નોંધવામાં આવે છે.
  - ઈજાનું – ઘાનું માપ – લંબાઈ, પહોળાઈ, ઉડાઈ વિગેરે માપવામાં આવે છે.
  - શરીર ઉપર ઈજાની જગ્યા – સ્થાન નોંધવામાં આવે છે.
  - ઈજાની ગંભીરતા
  - એટલે કે સાદી ઈજા, ગંભીર ઈજા વિગેરે. નોંધવામાં આવે છે.

– આવી ઈજા કયા પ્રકારના હથિયાર એટલેકે ચપ્પુ, તલવાર, ધારીયું, કુહાડી કે બંદુક વિગેરે વડે થઈ શકે? તેની પણ નોંધ કરવામાં આવે છે.
– ઈજાઓની વિસ્તૃત માહિતી નોંધી અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જેને ઈન્જરી રીપોર્ટ – ઈજાનો અહેવાલ કહેવામાં આવે છે અથવા ઈજાનું પ્રમાણપત્ર પણ કહેવામાં આવે છે.
– રીપોર્ટ ને અંતે પરિક્ષણ પુરૂ કર્યા તારીખ અને સમયની નોંધ કરવામા આવે છે.
– ઈજા બાબતનું પ્રમાણપત્ર જે તે તપાસ અધિકારી–પોલીસ અધિકારીને આપવામાં આવે છે.

## શબ પરીક્ષણ અહેવાલ :– પોસ્ટમોર્ટમ એકઝામીનેશન રીપોર્ટ

શબ પરીક્ષણ સમયે મૃત શરીરમાં જોવાતાં અવલોકનોનું બારીકાઈથી નિરીક્ષણ કરીને તેની શબ પરીક્ષણના અહેવાલ ફોર્મમાં વિગતો વિગતવાર નોંધવામાં આવે છે. શબ પરીક્ષણ અહેવાલ બે નકલમાં તૈયાર કરવામાં આવે જે પૈકી મુળ કોપી તપાસ અધિકારીને આપવામાં આવે છે. જયારેબીજી કોપી જે તે હોસ્પીટલના રેકર્ડમાં રાખવામાં આવે છે.

સામાન્ય રીતે શબ પરીક્ષણ અહેવાલ નીચે મુજબ મુખ્ય ત્રણ મુખ્ય વિગતો ધરાવે છે.

### ૧. સામાન્ય વિગતોઃ–

- મૃત્યુ પામનારનું નામ, ગામ, શહેર વિગેરે
- શબ કોણે મોકલાવ્યું?
- શબની ઓળખાણ કોને કરી ?
- મૃતદેહ મળ્યાંની તારીખ તથા સમય
- શબ પરીક્ષણ શરૂ કર્યા તારીખ
- શબ પરીક્ષણ પુરૂ થયાની તારીખ અને સમય વિગેરે જેવી વિગતો નોંધવામા આવે છે.

### ૨. મૃતદેહનું બાહય પરીક્ષણઃ–

જેમાં સ્ત્રી કે પુરુષ દેખાવ ઉપરથી આશરે ઉંમર, જાતિ, જ્ઞાતિ, શરીર પરનાં કપડાં, ઘરેણાંની વિગત, પહેરેલાં કપડાની હાલત, પાણીથી ભીંજાયેલા, લોહીથી ખરડાયેલા, ઉલ્ટીવાળા વિગેરે.

બાહય દેખાતા ઘા, છૂંદણા, ચામડી પરના ચિન્હો, અંગ વિકૃતી, દાંતની હાલત વિગેરે.નવજાત શિશુ તેમજ અજાણી વ્યકિતના મૃતદેહ બાબતે તેની લંબાઈ, શરીરનું વજન, વાળ, નખ વિ. ની સ્થિતિ વર્ણન.

- મૃતદેહનો શારીરિક બાંધો –સામાન્ય, દુબળો, પુષ્ટ વિગેરે.
- શરીર ગરમ, ઠંડુ વિગેરે.
- શબનું અકડાઈ જવું વિગેરે.
- શબ ના ચામડી ઉપરના ચિન્હો.ડાઘા–કાળા, જાંબલી કે ભૂરા વિગેરે.
- શબનો દેખાવ – ફુલી ગયેલો, આંખોની હાલત, જીભની હાલત, મોં–નસકોરા, કાનમાંથી ઝમતાં પ્રવાહી.
- બાહય જનનેન્દ્રિય ને ઈજા, ચિન્હો વિગેરે.
- બાહય અવયવોની હાલત.
- ડૂબી જવાના કિસ્સામાં ખાસ કરીને હાથ અને આંગળીઓની હાલત, હાથ પગના નખ અને મુઠીમાં અથવા ચામડી પર રેતી અથવા માટીની હાજરી હતી કે કેમ ?
- શરીરના બાહય ભાગ પરના ઘા અને ઈજા તેનો પ્રકાર, સ્થિતિ, માપ વિગેરે નોંધવામાં આવે છે.
- પેશીઓની હાલત.

### ૩. મૃતદેહનું આંતરીક પરીક્ષણ

માથું – ત્વચા નીચેની ઈજાઓ, ખોપરી ઉપરનો ભાગ, મગજ–આંતરીક દેખાવ કદ, વજન ઉપરાંત કોઈ અસામાન્ય નોંધ અને તેની સ્થિતિ.

છાતીની રચના –દિવાલ, પાંસળીઓ, હાડકાં, કંઠેન્દ્રિય, શ્વાસનળી,ફેફસાં, હદય, રકતવાહિનીઓ વિગેરે

પેટ – પેટની અંદરનું પોલાણ, અન્નનળી, હોજરી, હોજરીની અંદરથી મળેલ પદાર્થોની સ્થિતિ, વસ્તુઓ, નાનું આંતરડું અને મોટુ આંતરડું, તેમજ તેમાંથી મળેલ વસ્તુઓ યકૃત, બરોળ, પકવાશય, મુત્રપિંડો, જનનેન્દ્રિય કરોડરજજું વિગેરેની તપાસ કરી અવલોકનો નોંધવામાં આવે છે.

શબ પરીક્ષણ અહેવાલને અંતે ......

મૃત્યુનું કારણ, સંભવિત કારણ અને અભિપ્રાય તબીબી અધિકારી લખીને આપે છે. તમામ વિગતોને અંતે શબ પરીક્ષણ અહેવાલમાં શબ પરીક્ષણ અધિકારીના સહી – સિકકા કરવામાં આવે છે.

## <u>મરણોન્મુખ નિવેદન : ડાઈગ ડીકલેરેશન</u>

એવું માનવામાં આવે છે કે મૃત્યુ સમયે મૃત્યુ પામતી વ્યકિત ખોટું બોલતી નથી.
રાજયનાં કાયદાઓની જોગવાઈઓને ધ્યાને લઈ – ભારતીય પુરાવાના કાયદા – કલમ ૩ર, મુજબ કાયદાકીય રૂપે પુરાવા તરીકે મૃત્યું સમયના નિવેદનને જો ભોગ બનનાર વ્યકિત આવું નિવેદન સંભવિત અપમૃત્યુ મૃત્યુ સમયે આપે છે.

અકુદરતી કારણોસરના મૃત્યુ સમયે આપવામાં આવતા આવા લેખિત કે મૌખિક નિવેદનને, મરણોન્મુખ નિવેદન, ડાઈગ ડેકલેરેશન–મૃત્યુ સમયેનું નિવેદન ટુંકમા ડીડી, તરીકે ઓળખવામા આવે છે. આવું નિવેદન જીલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા તેમની હાજરીમાં લેવામાં આવે છે. પરંતુ જીલ્લા મેજીસ્ટ્રેટની ગેરહાજરીમાં મરણોન્મુખ નિવેદન (ડી.ડી) ફરજ પરના તબીબ ની હાજરીમાં લેવાની જોગવાઈ કરવામા આવેલ છે.

નવોઢાનું અગ્નિસ્નાન, શરીરના અતિ અગત્યના અવયવોમાં ઈજા, ગુનાહિત ગર્ભપાત જેવી ગંભીર સ્થિતિમાં મેજીસ્ટ્રેટના આવ્યાં પહેલા બેભાન કે, મૃત્યુ થવાના સંજોગોમાં એટલેકે અકુદરતી મૃત્યુના કારણોસર તબીબ ધ્વારા મૃત્યુ વેળાનું નિવેદન લેવામાં આવે છે. સરકારી હોસ્પીટલો કે દવાખાનામા આવું નિવેદન લેવામાં / નોંધવામા આવે છે. શકય હોય ત્યાં સુધી ભોગ બનનાર લખવા સક્ષમ હોય તો ડી.ડી. આપનાર વ્યકિતના સ્વહસ્તાક્ષરમાં બનાવ સંબંધિત તેમજ કયા સંજોગોમાં તેને આવું કૃત્ય કરવું પડયું તે બાબતે જે કાંઈ કહેવું હોય તેવી તમામ વિગતો તેના પોતાની મુળ ભાષામાં લેખિતમાં લેવામાં આવે છે.– મૃત્યુ સમયેનું નિવેદન બે સાક્ષીઓ (સગાં સંબંધીઓ સિવાયના) ની હાજરીમાં નોંધવામાં આવે છે.– મૃત્યુ સમયેનું નિવેદન લેવાઈ ગયા બાદ તેને વાંચી સંભળાવવામા આવે છે. ત્યારબાદ વ્યકિત સહી કરવા સક્ષમ હોય તો તેની સહી લેવામાં આવે છે. ડી.ડી. લેતી સમયે ભોગ બનનાર વ્યકિત મૃત્યુ પામે તો તે લખાણના જે સમયે વ્યકિત મૃત્યુ પામી તે સમયે જે કાંઈ લખાણ લખાયેલ હોઈ તે જગ્યાએ મરનારના અંગુઠાનું નિશાન તેમજ તબીબીની સહી લેવામાં આવે છે.મૃત્યુ સમયેનું નિવેદન આપનાર વ્યકિત જાતે લખવા સક્ષમ ન હોય તો આવું નિવેદન જીલ્લા મેજીસ્ટ્રેટ કે તબીબ ધ્વારા લખવામાં–નોંધવામાં આવે છે.

તબીબી સારવારને અંતે નિવેદન આપનાર વ્યકિત બચી જાય એટલે કે જીવીત રહે તો જાતે કોર્ટ સમક્ષ હાજર રહી સાક્ષી આપી શકે છે.

મૃત્યુ પામનાર વ્યકિતનું કયા અકુદરતી કારણોસર મૃત્યુ થયેલ છે. તે એક તપાસનો વિષય હોય તેવા સંજોગોમાં કોર્ટ તેના મરણોન્મુખ નિવેદનને પુરાવા તરીકે ગ્રાહય રાખી શકે છે. આવું નિવેદન ફકત ભોગ બનનાર વ્યકિત આપી શકે છે. અને જે માન્ય રહી શકે છે. જયારે ત્હોમતદાર આવું નિવેદન આપી શકતો નથી.
– તપાસ કરનાર પોલીસ અધિકારીને નિવેદન રેકોર્ડ થતું હોય તે સમયે હાજર રહેવાની પરવાનગી આપવામાં આવતી નથી.
– વધુ પડતી શારિરીક નબળાઈ કે ગળું કપાઈ ગયેલ ગંભીર જેવી ઈજાના કિસ્સામાં ભોગ બનનાર વ્યકિત વાતચીત કરવા સક્ષમ ન હોય તો પ્રશ્નોતરી રૂપે નિવેદન નોંધી તેની સહી લેવામાં આવે છે.
–રેર્કોડ થયેલું મરણોન્મુખ નિવેદન સીલબંધ કવરમાં લાગુ પડતાં મેજીસ્ટ્રેટને મોકલી આપવામાં આવે છે.

# <u>PM REPORT FORMAT</u>

(સ. મુ. વ.)–૧૪૩૩-૨,૦૦,૦૦૦-૨-૨૦૧૦-બીએ૪*
સ. ઠ. સા. વિ., નં. ૭૩૩/૩૩, તા. ૧૬-૬-૪૧ અને,
સ. ઠ. આ. અને સ્થા. વિ. નં. ૭૩૩/૩૩, તા. ૧૧-૧૨-૪૭ ]

**(સી. એમ. ૬૭ જી)**

મરનાર .................................................... એ .................................................... જિલ્લાનો

.................................................... તાલુકાનો .................................................... ગામ/શહેરનો

રહેવાસીના મૃતદેહની ડોકટર .................................................... એ

**દવાખાના / હોસ્પિટલ ખાતે કરેલી શબ-પરીક્ષાને લગતી યાદી**

## ૧. સામાન્ય વિગતો

૧ (ક) શબ કોણે મોકલાવ્યું ? ...

(ખ) જ્યાંથી મોકલાવ્યું હોય તે સ્થળનું નામ

(ગ) જ્યાંથી મોકલાવ્યું/ આવ્યું હોય તે સ્થળનું અંતર

૨. મૃત દેહ કોણ લાવ્યું હતું ? ...

૩. તેને કોણે ઓળખ્યો હતો ? ...

૪. મૃતદેહ મળ્યાની તારીખ તથા સમય ( કલાક અને મિનિટ)

(ક) શબ-પરીક્ષા શરૂ કર્યાની તારીખ અને સમય (કલાક અને મિનિટ )

(ખ) શબ-પરીક્ષા પૂરી થયાની તારીખ અને સમય (કલાક અને મિનિટ)

૫. જણાવેલ હોય તો મૃત્યુની તારીખ, મૃત્યુ માટે અનુમાનેલું કારણ અથવા તપાસ માટેના કારણ સહિત પોલીસ અધિકારી અથવા મેજિસ્ટ્રેટ તરફથી મળેલા સાથેના હેવાલનો સારાંશ.

૬. દવાખાનામાં અથવા હોસ્પિટલમાં શબ પરીક્ષા કરાઈ ન હોય તો --

(ક) જે સ્થળે શબ-પરીક્ષા કરાઈ હોય તે સ્થળનું નામ

(ખ) દવાખાના અથવા હોસ્પિટલથી અંતર ...

(ગ) મૃતદેહ દવાખાનામાં અથવા હોસ્પિટલમાં શા કારણે મોકલાયો ન હતો ?

## ૨. બાહ્ય પરીક્ષા

૭. સ્ત્રી પુરૂષ દેખાવ ઉપરથી આશરે ઉંમર, જાતિ અથવા જ્ઞાતિ શરીર પરનાં કપડાં અને ઘરેણાનું વર્ણન. ... ...

૮. કપડાંની હાલત-પાણીથી ભીંજાયેલા, લોહીના ડાઘાવાળાં અથવા ઉલટીથી કે અન્ય કોઇ બહાર નીકળેલી વસ્તુથી (Focal) ખરડાયેલાં હતાં કે કેમ ? ... ...

૯. જુના રૂઝાયેલા ઘાની નિશાની, છુંદણા, વગેરે જેવાં ચામડી પરનાં ખાસ ચિહ્નો, કોઈપણ જાતની અંગ વિકૃતિઓ ખાસ લક્ષણો અથવા ઓળખવા માટેના બીજા ચિહ્નો દાંતની હાલત.

નવજાત શિશુની બાબતમાં તેની લંબાઈ અને (શક્ય હોય તો) શરીરનું વજન, વાળ, નખ અને વાળની હાલત તથા તેની લંબાઇ ઓર સાથે હતાં કે કેમ? જો ઓર હોય તો તેનું કદ અને હાલત.

૧૦. શારીરિક બંધારણ -પુષ્ટ સામાન્ય દુબળું, શબ ગરમ અગર ઠંડુ હતું. ... ... ... ...

૧૧. **શબનું અકડાઈ જવું.**–સંપૂર્ણ રીતે પ્રસરેલું સહેજસાજ અથવા તદ્દન અકડાયેલા ન હોય તેવું આખું શરીર અકડાઈ ગયું હતું કે તેનો અમુક ભાગ ? ... ... ... ...

૧૨. **શબનું પ્રમાણ અને તેનાં ચિહ્નો.**–(શબ-પરીક્ષા વેળાએ નિતંબ, કટિપ્રદેશ, શબ અને જાંઘ અથવા શરીરના બીજા કોઈ પીઢ ભાગ, મૃત્યુ પછીથી કાળા પડી ગયા હોય તો તે ) કોઈ ભાગ ફુલી ગયેલો જણાયો હોય તો તેમાં રહેલા જલતત્વનું સ્વરૂપ ત્વચાની હાલત. ... ... ... ...

૧૩. **શબનો દેખાવ.**–સામાન્ય અગર ફુલી ગયેલો, આંખોની હાલત, જીભની હાલત, મોં, નસકોરાં અથવા કાનમાંથી ઝમતાં પ્રવાહી (જો હોય તો ) તેનો પ્રકાર. ... ... ...

૧૪. **ચામડીની હાલત** :– લોહીનાં નિશાન વગેરે ડુબી ગયાની શંકા હોય તો તે કિસ્સામાં કોઈ જળચર પ્રાણીનાં કરડનાં ચિહ્ન *(Cutis Anserina)* ચામડી ઉપર કરચલી પડી ગઈ હોય તો તેની નોંધ કરવી. ... ... ... ...

૧૫. બાહ્ય જનનેન્દ્રિયને ઇજા, રેચ થઇ ગયાનું ચિહ્ન ...

૧૬. **અવયવોની હાલત.**—ડુબી જવાની શંકા હોય તેવા કિસ્સામાં ખાસ કરીને હાથ અને આંગળીઓની હાલત, હાથ અને પગના નખમાં અથવા ચામડી પર રેતી અથવા માટી દેખાતી હતી ?

૧૭. શરીરના બાહ્ય ભાગ પરના ઘા અને ઇજા, તેના પ્રકાર સ્થિતિ, માપ અને તેની દિશા ચોકસાઇપૂર્વક જણાવવા ઘા અને ઇજા કેટલા વખત પહેલાં થયાં હશે તે અને તે માટેના કારણો જણાવવાં. ... ... ... ...

લીલઝામાં અથવા સડો દેખાતા હોય તો ચામડી નીચેની માંસ પેશીઓની હાલત કેવી હતી ? ... ... ...

નોંધ : - જ્યારે અસંખ્ય ઇજાઓ હોય અને એને માટે રખાયેલી જગ્યામાં લખી શકાય એમ ન હોય ત્યારે તેને જુદા કાગળ પર દર્શાવવી અને તે કાગળ પર સહી કરવી. ... ...

૧૮. બાહ્ય તપાસથી અથવા સ્પર્શથી જાણી શકાય તેવાં અસ્થિભંગ જેવી બીજી ઇજા માલુમ પડી હોય તો તે ... ...

(ક) ક્રમ નંબર ૧૭ અને ૧૮ સામે દર્શાવેલ ઇજાઓ મરણ પહેલાં થયેલાં *(Ante Mortem)* છે. એમ તમે ચોક્કસપણે કહી શકો છો ? ... ...

...

### ૩. આંતરિક તપાસ

૧૯. **માથું :-**

(૧) ત્વચા નીચેની ઇજાઓ અને તેના પ્રકાર ... ...

(૨) ખોપરી ઉપરનો ભાગ અને નીચેનો ભાગ—અસ્થિભંગ તેનાં સ્થાન, માપ. દિશા વગેરે વર્ણવવા. ... ...

(૩) **મગજ.**- તેના અંતરાવનો દેખાવ, કદ, વજન અને તે અવયવની પોતાની સામાન્ય સ્થિતિ તથા તપાસ કરતાં જણાયેલા કોઈપણ અસામાન્યતાની નોંધ કાળજીપૂર્વક કરવી. ( પુરૂષનાં મગજનું વજન ૩ રતલ, સ્ત્રીના મગજનું વજન ૨.૭૫ રતલ) ... ... ...

૨૦. **છાતીની રચના :-**

(ક) દિવાલ, પાંસળીઓ, મૃદુ હાડકાં ... ...

(ખ) ફેફસાંનો પડદો ... ... ...

(ગ) કંઠેન્દ્રિય, શ્વાસનળી અને કલોમ ... ...

(ઘ) જમણું ફેફસું ... ... ...

(ચ) ડાબું ફેફસું ... ... ...

(છ) હૃદય આવરણ (પેરિકાર્ડિયમ) ... ...

(જ) હૃદયનું (વજન સાથે) ... ... ...

(ઝ) મોટી રક્તવાહિનીઓ ... ... ...

(ટ) વિશેષ નોંધ ... ... ...

૨૧. **પેટ :-**

દિવાલ ... ... ...

પેટની (પેરેટોનિયમ) અંદર ત્વચાનું આવરણ ...

પાલાણ (કેવીટી) ઉદર, ગુહા ... ...

મોનું બોખ, દાંત, જીભ અને કંઠનળી ... ...

અન્ન નળી (ઓસોફેગસ) ... ... ...

હોજરી અને તેની અંદરની મળેલી વસ્તુઓ ... ...

નાનું આતરડું અને તેની અંદરથી મળેલી વસ્તુઓ ...

મોટું આંતરડું અને તેના અંદરથી મળેલી વસ્તુઓ ...

યકૃત-વજન અને પિત્તાશય ... ... ...

અન્નાશય અને અધિવૃક્કો (સુપ્રારેનલ્સ) ... ...

બરોળ (વજન સાથે) ... ... ...

મૂત્રપિંડો (વજન સાથે) ... ... ...

પેશાબની કોથળી (Bladder) મૂત્રાશય ... ...

જનનેન્દ્રિય ... ...

મૃત્યુ સમયે હોજરીમાંથી મળેલા પદાર્થોની સ્થિતિ અને જ્યાં શક્ય હોય ત્યાં મૃત્યુના સમય અને છેલ્લા ભોજન વિષેના તબીબી અધિકારીના મંતવ્ય સહિતની વધારાની નોંધ. ...

રસાયણી તપાસ માટે અંદરના કયા અવયવો રાખી મૂકવામાં આવેલ છે તેમજ જેમાં તે રાખવામાં આવ્યા હોય તે શીશીઓની સંખ્યા અને અનુક્રમ જણાવો.

૨૨. કરોડ અને કરોડરજ્જુ ... ... ...

૨૩. મૃત્યુના કારણ. સંભવિત કારણ અંગે અભિપ્રાય ...

તારીખ ૨૦૧ (સહી)

* રોગ ઝેર કોચલાનું ઝેર અપાયાનો અથવા ઇજાનો, કોઇપણ નિર્દેશન હોય તો વિશિષ્ટ રીતે રજ્જુની તપાસ (સ્પેશિયલ કો( એકઝામિનેશન) કરવી જરૂરી નથી.

**નોંધ** :- તપાસ પછી તરત હેવાલ લખીને તેની નીચે સહી કરવી. તબીબી અધિકારીઓએ, આ હેવાલની બીજી નકલ પોતાના જિલ્લાના સિવિલ સર્જનની કચેરીના દફતર માટે તત્કાલ મોકલી આપવી.

અંદરના અવયવની તે મૂળ સ્થાનમાં તપાસ કર્યા પહેલાં તેની કાપકૂપ કરવામાં ન આવે તેની ખૂબ કાળજી રાખવી.

નં. ૨૦૧

દવાખાનું

સ્થળ : ----------------------

સિવિલ હોસ્પિટલ ૨૦૧

તારીખ ............ ૨૦૧ તા. ............ તેમના પત્ર નં. ............ સંબંધમાં માહિતી માટે ............ ખાતેના પોલીસ સબ-ઈન્સ્પેકટરને રવાના.

અંદરના અવયવો જાળવી રાખવામાં આવેલા છે. આ અવયવોની રાસાયણિક પૃથ્થકરણ દ્વારા તપાસ કરાવવી જરૂરી છે કે તેનો નાશ કરવાનો છે તે તાત્કાલિક જણાવવા વિનંતી છે.

સિવિલ સર્જન અથવા મેડિકલ ઓફિસર.

તા. ............ ૨૦૧ ના રોજ ............ ખાતેના સિવિલ સર્જનને માહિતી માટે નકલ રવાના કરી.

મેડિકલ ઓફિસર.

તા. ............ ૨૦૧ ના રોજ સિવિલ સર્જને જોઈને તપાસ કરી.

સિવિલ સર્જનની વિશેષ નોંધ જો હોય તો,

સિવિલ સર્જન.